# સચેત કરનારી વાર્તા

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

*વર્ષોથી, શ્રીગુરુમાઈએ આપણને એ પ્રેમ વિશે શીખવ્યું છે જે એક માતાને તેના બાળક માટે હોય છે, તેમજ એ પ્રેમ વિશે અને તેની સાથે જોડાયેલા ઉત્તરદાયિત્વો વિશે ઘણી બધી વાર્તાઓ પણ કહી છે. એવી જ એક વાર્તા અહીં આપવામાં આવી છે જેને મેં એક સત્સંગમાં ગુરુમાઈજી પાસેથી સાંભળી હતી. માતૃદિવસ ૨૦૨૧ના ઉપલક્ષમાં સિદ્ધયોગ પથ વેબસાઇટ માટે મેં તેનું પુનર્લેખન કર્યું છે.*

ગામના ચાર-રસ્તા પર આછો પ્રકાશ હતો, એવો જાણે દિવસ આથમી રહ્યો હોય ત્યારે અને આકાશમાં સૂરજ ડૂબી રહ્યો હોય ત્યારે હોય છે. ચારેબાજુ શાંતિ છવાયેલી હતી — એવું કહી શકાય કે આ શાંતિ ભયાવહ હતી, જાણે કે તોફાન આવતા પહેલાંની શાંતિ હોય. ધીરેધીરે ચાલીને એ માણસ આગળ આવ્યો. તેના ખભા નમેલા હતા જાણે તે તેના શરીરની અંદર ધસી ગયા હોય. મોટીમોટી સાંકળોમાં જકડાયેલા હોવાને કારણે તેના પગ એકવારમાં અમુક જ ઈંચ આગળ વધી શકતા હતા. તેના દરેક કદમ સાથે તેના પગની આસપાસ ધૂળના નાનાં વાદળો ઉઠતાં દેખાઈ રહ્યાં હતાં.

તેના હાથ પણ બંધાયેલા હતા અને હાથકડી સાથે જોડાયેલી સાંકળને તેની જમણી બાજુ ઊભેલા એક ખડતલ, પહોળા જડબાવાળા પહેરેદારે ખેંચીને પકડી રાખી હતી. તેની ડાબી બાજુ બીજો એક પહેરેદાર હતો અને તેની પાછળ ત્રીજો, જે એ માણસને કોણી કે લાત કે ધક્કો મારવા માટે તૈયાર હતો, જો તે આગળ વધવામાં વાર કરે કે એક જ જગ્યા પર બહુ વાર સુધી ઊભો રહે તો. એ માણસે, જેણે પોતાની નજર નીચે કાંકરાઓથી ભરેલી રેતાળ જમીન પર સ્થિર કરી હતી, હવે નજર ઉઠાવીને ઉપર જોયું. મોટી ભીડ જામી હતી. લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં અને તેઓ બધાં તેને તાકી રહ્યાં હતાં. તેમાંથી કેટલાંક લોકો પોતાની ગરદન ઊંચી કરી રહ્યાં હતાં જેથી તેઓ તેને વધારે સારી રીતે જોઈ શકે. એ માણસ તેમની સામેથી પસાર થયો — ભાવશૂન્ય ચહેરો, ઉદાસ આંખો, જીવનથી હારેલો, જાણે મૃત્યુ પહેલાં જ મરી ગયો હોય.

ભીડમાં લોકો ગુસપુસ કરવા લાગ્યાં. નસીબે કેવો દિવસ દેખાડ્યો! સાંકળમાં જકડાયેલો, ગૂંચવાયેલા વાળ અને ધૂળથી ભરાયેલા ચહેરાવાળો આ માણસ શું એ જ પ્રભાવશાળી નવયુવક છે જેણે તે બધાંની સાથે આટલાં વર્ષો વિતાવ્યા હતા? એ જ માણસ જેના બધાં લોકો વખાણ કર્યા કરતાં હતાં અને જેના પર બધાં જ મોહિત રહેતાં હતાં — એ માણસ જેને નાનપણથી જ બધાં લોકો પસંદ કરતાં હતાં. એ કેટલો દેખાવડો, કેટલો મનમોહક હતો; તેનું આચરણ કેટલું નિર્મળ હતું. અને જ્યારે તે પોતાના ચહેરા પર થોડાં ત્રાસા, નટખટ સ્મિતથી તેમની તરફ જોતો — એ પણ ત્યારે, જ્યારે તેમને તેની આશા પણ ન હોય — તો તેઓ તેને જાણ્યા વગર, તેની મદદ કર્યા વગર, તેના પર વિશ્વાસ કર્યા વગર રહી નહોતાં શકતાં.

આકાશમાં સૂરજ ઢળી રહ્યો હતો અને એ માણસ પોતાના પગ ઘસડતા આગળ વધી રહ્યો હતો. ફાંસીનો માંચડો હવે બહુ દૂર નહોતો. ત્યાં ઊભેલાં લોકોની આકૃતિઓ એકબીજાંમાં ભળીને ધુંધળી દેખાતી હતી : લાકડી લઈને ઊભેલો એ માણસ, એ બાળક જેના દાંતોની વચ્ચે જગ્યા હતી, સફેદ રંગના વાંકડિયા વાળ અને કાંપતાં હોઠવાળી એ મહિલા…

લોખંડ અથડાવાનો અવાજ આવ્યો કારણકે એ માણસ અચાનક અટકી ગયો હતો. તેની આંખોથી ઘણે દૂર તેને ક્યાંક એક રૂમ દેખાઈ રહ્યો હતો, જ્યાં પ્રકાશ ટમટમી રહ્યો હતો. તે પહેરેદારોની તરફ ફર્યો જેઓ તેની તરફ પ્રશ્નસૂચક નજરથી જોઈ રહ્યા હતા.

''ફાંસી પર ચઢતા પહેલાં મારી એક અંતિમ ઇચ્છા છે!'' અચાનક એ માણસ જોરથી બોલ્યો, પછી થોડો અટક્યો અને વધારે સાવધાનીથી બોલવા લાગ્યો. ''આ ભીડમાં કોઈક છે જેને હું કંઈક કહેવા માગું છું. શું તમે મહેરબાની કરીને મારી આ વિનંતી સ્વીકારશો?''

પહેરેદારો એકબીજાની સામે જોવા લાગ્યા અને તેમણે અંદરોઅંદર ધીરેથી વાત કરી. પછી તેમણે ફરીને તેમના કેદી તરફ જોયું અને તોછડાઈથી માથું હલાવીને હા કહી.

''તમારો ઘણો આભાર.''

એ માણસ ભીડની વચ્ચે ગયો અને પાછળ પાછળ તેના પહેરેદાર, જેમણે ખેંચીને તેની સાંકળ પકડી રાખી હતી. તે નવી ઊર્જા સાથે ઝડપથી આગળ વધી ગયો, જ્યાંસુધી તે એ સફેદ વાળવાળી મહિલાની બિલકુલ સામે ન પહોંચી જાય, જેને તેણે થોડીવાર પહેલાં જ જોઈ હતી.

નજીક પહોંચીને તેણે જોયું તો એ મહિલા રડી રહી હતી. તેની આંખો ભીની હતી અને ચહેરા પર આંસુઓનાં ધબ્બા દેખાઈ રહ્યાં હતાં. તેની સામે ઊભેલા આ માણસનું માથું તેનાથી લગભગ એક ફૂટ ઊંચું હતું. તે કંઈક કહેવા માગતી હતી પણ ડુસકાંઓ સિવાય તેના મોંઢામાંથી કોઈ અવાજ ન નીકળ્યો.

એ માણસ તેની તરફ બહુ ધીમેથી, બહુ હળવેથી નમ્યો. તેના ચહેરાએ મહિલાના ચહેરાને લગભગ સ્પર્શ કરી જ લીધો હતો; એક ક્ષણ માટે લાગ્યું જાણે તે એ મહિલાના ગાલને ચુંબન કરવાનો હોય. પણ પછી એ માણસના ચહેરા પર એક તિરસ્કારયુક્ત સ્મિત આવ્યું અને તેણે પોતાનું મોઢું ખોલીને દાંતથી —

*કચ્ચ!*

એ મહિલાએ પોતાના કાન પર હાથ મૂકીને ચીસ પાડી અને ઝટકા સાથે પાછળ ખસી ગઈ; તેના ચહેરાની એક બાજુથી લોહી વહેવા લાગ્યું અને તેનો ચહેરો લોહીલુહાણ થઈ ગયો.

''ક્-ક્-કેમ કર્યું તે આવું?'' તેણે પૂછ્યું. તેનું ગળું પીડા, ગભરાટ અને અવિશ્વાસથી રૂંધાઈ ગયું. ''તેં — તેં મારો કાન કાપી નાંખ્યો!''

એ માણસે તેની સામે જમીન પર થૂંકી દીધું.

પછી તે ધમકીભર્યા અવાજમાં ઘુરકતા બોલ્યો, ''મા''. તેનો ચહેરો ઘૃણાથી મરડાઈ ગયો હતો.

''મા,'' એ માણસે ફરીથી કહ્યું. ''મને કહે કે આજે મને મારવા માટે કેમ લઈ જવામાં આવે છે?''

એ મહિલા — જે આ માણસની મા હતી — બાળકની જેમ રડી પડી; જાણે તેને સમજાતું જ નહોતું કે તે શું જવાબ આપે. તેણે લોહીથી લથપથ તેનો કાન પકડ્યો, તેની આંખોમાં આંસુઓનું પૂર આવ્યું હતું અને દાંત કકડી રહ્યા હતા.

''બોલ, મને વધારે સમય નહીં આપવામાં આવે.'' એ માણસે એ જ કડક, ઊંચા અવાજમાં કહ્યું.

''કા…કારણકે,'' અંતે એ મહિલા અચકાતાં-અચકાતાં બોલવા લાગી, ''તેઓ કહી રહ્યાં છે કે તેં લોકોને ત્યાં ચોરી કરી છે! મારા વ્હાલા દીકરા, તેઓ કહી રહ્યાં છે કે તેં લોકોની હત્યા કરી છે! મને… મને વિશ્વાસ જ નથી થતો કે એ સાચું છે, પણ…'' તે કહેતાં કહેતાં અટકી ગઈ. તેના હાથમાંથી લોહી ટપકી રહ્યું હતું.

એ માણસે ધીરેથી કહ્યું, ''તને વિશ્વાસ નથી થતો? તને? જો એમ જ હોય મા, તો હું તને યાદ અપાવું. ચાલ, વીતેલા સમયને યાદ કરીએ જ્યારે હું થોડાં જ વર્ષનો નાનો બાળક હતો. ત્યારથી જ તો તેની શરૂઆત થઈ હતી, હે ને? ત્યારથી જ મને લોકોનો સામાન ગાયબ કરી દેવાની આદત પડી ગઈ હતી.''

''પણ એ તો નાની-નાની વસ્તુઓ હતી!'' મા બોલી ઊઠી. ''રમકડાં અને નાનો-મોટો સામાન. અને ત્યારે તું બહુ જ નાનો હતો, નાનકડો બાળક — અને કેટલો વ્હાલો પણ — અને જો તું કોઈની પાસેથી કંઈક લઈ લેતો તો તેમને ખરાબ નહોતું લાગતું.''

''અને ત્યારે શું થયું જ્યારે હું થોડો મોટો થયો અને સ્કૂલે ગયો? યાદ છે, હું કેવી રીતે મારા સાથીઓનો સામાન ઉઠાવી લાવતો હતો? યાદ છે, એ મારા માટે એક રમત બની ગયું હતું અને હું વારંવાર ચોરી કરવા લાગ્યો?''

''હા, પણ —''

''અને ત્યારે તેં શું કહ્યું હતું?'' એ માણસે પૂછ્યું. ''તેં હસીને કહ્યું હતું કે હું કેટલો ચતુર છું. તેં કીધું હતું કે હું તારો લાડદુલારો, સૌથી આદર્શ બાળક છું અને રહીશ, ભલે કંઈપણ થાય.''

''તું તો બસ સંસારને જાણવાની કોશિશ કરી રહ્યો હતો! તું પોતાને વ્યક્ત કરી રહ્યો હતો!'' તેની માએ કહ્યું. ''અને ત્યારે પણ તું બહુ નાનો હતો.''

''અને જ્યારે હું થોડો વધારે મોટો થયો અને ચોરી કરવામાં ખરેખર બહુ હોશિયાર થઈ ગયો અને મને તેમાં વધારે મજા આવવા લાગી, ત્યારે? હું કોઈ સ્ત્રીના ગળાનો હાર સરકાવી લેતો હતો. કોઈ બિચારા ઘરડા માણસનું ખીસ્સું

કાપી લેતો હતો. હું છેતરપિંડી કરીને કોઈના પણ પૈસા ગાયબ કરી દેતો હતો. અને જ્યારે મને લાગતું કે તેઓ મારો પીછો કરશે તો મને ખબર રહેતી કે કેવી રીતે તેમનાથી છુટકારો મેળવવો. ત્યારે તું મને શું કહેતી હતી?''

''મને નથી સમજાઈ રહ્યું કે તું આ બધું કેમ કહી રહ્યો છે.'' તેની માએ નિરાશ થઈને કહ્યું. ''ખબર નહીં તું શું સાબિત કરવા માગે છે. હું તને હંમેશાં એ જ કહેતી હતી કે હું તને ખૂબ જ પ્રેમ કરું છું!''

''હા,'' એ માણસે અસંતોષ સાથે કહ્યું. *''બરાબર કીધું તેં. તેં હંમેશાં મને આ જ તો કીધું છે. જ્યારે હું મોટો થઈ રહ્યો હતો ત્યારે પણ તેં મને આ જ કહ્યું. તું બહુ સારો છે. તું ખાસ છે. તું મહાન છે. તું અદ્‌ભુત છે. તું ભલે કંઈ પણ કર, એ વાત ક્યારેય નહીં બદલાય. તું મારો અનમોલ, લાડકવાયો છે. હું તને પ્રેમ કરું છું, બહુ પ્રેમ કરું છું, બહુ-બહુ પ્રેમ કરું છું!''*

ગામના ચાર-રસ્તા પર એ માણસનો અવાજ ગુંજી ઊઠ્યો. નજીકના ઝાડ પર બેસેલા કાગડાઓ ગભરાઈને કર્કશ અવાજ કરતા ડાળી પરથી ઊડી ગયા.

''અને તને ખબર છે મા?'' એ માણસ ફરી ધીમેથી કહેવા લાગ્યો. ''મેં તારી વાત પર વિશ્વાસ કર્યો! તેં કહેલી દરેક વાત પર મેં વિશ્વાસ કર્યો! મને કહે મા કે મારા કંઈ પણ કરવા છતાં જ્યારે તું રાતદિવસ મને આ જ કહેતી રહે તો મને એ કેવી રીતે ખબર પડે કે શું સાચું છે અને શું ખોટું?''

''તો હવે રડ નહીં, મા,'' એ માણસે આગળ કહ્યું. ''આ શૈયા તેં જ મારા માટે સજાવી છે. મારી આ નિયતિ તેં જ ઘડી છે. તારા વખાણ તો મારા માટે મોત જ બની ગયા. તો તું મારા વખાણ જ કર્યા કર. મને કહેતી રહે કે હું જે કંઈ પણ કરું છું તે કેટલું સરસ છે. કહેતી રહે કે હું કંઈ ખોટું તો કરી જ નહીં શકું. મને તારો એ પ્રેમ બતાવ જેની તું વાત કરે છે.''

તિરસ્કાર ભરેલી એક અંતિમ નજરથી પોતાની મા તરફ જોયા બાદ, એ માણસ ફાંસી પર ચઢી ગયો. સૂરજ પૂર્ણપણે પીગળીને ક્ષિતિજરેખા પર ફેલાઈ ગયો હતો, જાણે રક્તિમ લાલિમા નારંગી આકાશમાં ઝરી રહી હતી. લોકો તેની હાલત પર હસી રહ્યાં હતાં. ભીડનાં એ સમુદ્રમાં ક્યાંકથી એક ધીમું ડૂસકું સંભળાયું.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.